શ્રી

સરસ્વતી

સ્તોત્ર,

ઉર્ફે

વિદ્યાનું તેજ.

કર્તા

પુરૂશોત્તમ મુળશંકર ભટ્ટ.

કીંમત ૦-૪-૦

શ્રી

સરસ્વતી સ્તોત્ર.

(ઉર્ફે)

વિદ્યાનું તેજ.

પ્રાચીનપરથી

કર્ત્તા

ભટ્ટ. પુરૂશોત્તમ મુળશંકર.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ભટ્ટ. ભાનુપ્રસાદ જમનાશંકર.

મળવાનું ઠે.—રાયપુર ભાવની પોળ.

અમદાવાદમાં

ઘીકાંટે-ધી ચંદ્રપ્રકાશ પ્રેસમાં છાપ્યું.

આવૃતિ પ્હેલી. સને ૧૯૦૪.

કીમત રૂ. ૦-૪-૦



(સ્તુતી.)

સહાયક શ્રી ગજાનન સ્વામી
કરૂણાગામી મનહર નામી.
ધ્યાન ધરૂં હું પ્રેમ ધારી
હૃદયે રહેજો વિણા ધારી
સ્થાને દેજો શુદ્ધિ બુદ્ધી
નાશ કરજો મુજ વિશુદ્ધી—ધ્યાન
જીહ્ય સ્થાને શારદાજી
સદા રહેજો જગત માજી
કમળ વદની વિણા ધારી—ધ્યાન
બ્રહ્મ પૂત્રી મયુર ધારી
વાણિ વીણા વેણ જેવી
સદા બ્રહ્મે રહેજો દેવી—ધ્યાન

શ્રી.

પ્રવાશ.

સરસ્વતી–કુમારો અને સંભાવિત સદ્ગ્રહસ્થો !

સરસ્વતી મંદિરમાં નિત્ય સરસ્વતી–પ્રસાદિથી ઉછરતાં કુમાર અને કુમારિકાઓ તથા સરસ્વતી વિલાસી ભદ્રજનો માટેજ આ સરસ્વતી સ્તુતિ રૂપ સરસ્વતી સ્તોત્ર અપૂર્વ રિદ્ધિ સિદ્ધિ છે. મહાન કવિ કાળીદાસ આજ વિભુતિથી અમર થયા છે.

આ સૃષ્ટિમાં સરસ્વતી પ્રસાદિ વિનાના મૂઢ જીવોજ સંસારને અને પોતે પોતાને પણ ભાર રૂપ છે. સરસ્વતીનો કિંચિંત પ્રસાદ પણ ગમે તેવા અજ્ઞને અંધને જ્ઞાન ચક્ષુ અર્પી મોક્ષ મંદિરના દ્વારે લઇ જાય છે સરસ્વતી વિનાના પ્રદેશમાં સૂર્ય પ્રકાશવા છતાં પણ સદા અંધકારજ છે તેવા પ્રદેશમાં વસનારા જીવો હરતા ફરતા હોવા છતાં તેમના હૃદય સરસ્વતી દીપ વિના ઘોર તિમિરાવૃતજ છે, આવા સરસ્વતી હીન પ્રદેશસ્થ જીવનોની સદા અધોગતિજ છે.

લાભપ્રદ ઉપોગ કરી જેમ આપણે આપણા માતપિતાને પ્રસન્ન કરીયે છિયે તેવી રીતે તેમની સેવા, સ્મરણ કરીને પણ આપણે તેમને પ્રસન્ન કરવાજ જોઇયે. એજ પ્રકારે સરસ્વતી મંદિરમાં સરસ્વતી ગ્રહણ કરીને પણ તેમની ઉપાસના આપણે કરવીજ જોઇયે. અસ્તુ.

સરસ્વતી મંદિરમાંજ સરસ્વતી કૃપાપાત્ર સદ્ગુરૂ દ્વારા આપણે ધર્મ, નીતિ, સદાચાર, યથેચ્છ વ્યવહારના બોધ પાઠ આપણે શીખીયેજ છિયે. તે સરસ્વતીના આપણા હૃદયમાં આવાગમનથી આપણા હૃદય જ્ઞાન દીપ પ્રકટવાથી કેવાં પ્રકાશિત થઇ રહે છે? માટે જે સરસ્વતીના આપણા અંતરમાં નિવાસથી આપણા પૂર્વ સ્વરૂપમાં મહાન ફેરફાર થઇ જાય છે તે સરસ્વતી માનું આપણે પ્રાત: કાલમાં સહજ કાળ પણ પૂર્ણ પ્રેમ પ્રવાહમાં પૂજન અર્ચન અને ઉપાસન કરવુંજ જોઇયે. કારણ કે પ્રેમથીજ પૂજન થાય છે અને નિત્ય પૂજનથી પ્રેમ વૃદ્ધિ પામતો જાય છે.

આ ન્હાનકડું સરસ્વતી સ્તોત્ર પુસ્તક પણ સરસ્વતી-કૃપા સંપાદન કરવા માટેજ છે. આ મંત્રના નિત્ય પાઠથી, મનનથી, નિદિ ધ્યાસનથી ભોજ રાજાના સમયમાં કાળીદાસ એક મહાન પંડીતની પદવીને પ્રાપ્ત થયા હતા. સરસ્વતી-વિભુતિવાન પુરૂપ સર્વ પ્રદેશમાં સર્વત્ર પૂર્ણ ભા-

વથી પૂજાય છે સન્માન પામે છે એવું સરસ્વતીનું માહાત્મ્ય અકથનીય છે. લક્ષ્મીવાનની લક્ષ્મીનું એક પળવારમાં અપહરણ થાય છે. સરસ્વતીનું હરણ કરનાર ત્રીલોકમાં કોઇ નથી.

આ સ્તોત્રના પ્રેમ પૂર્વક પાઠથીજ શ્રી સરસ્વતીમાં પ્રસન્ન થઇ કાળીદાસજીને દર્શન અને વિદ્યા વિભૂતિથી તેમને અલંકૃત કર્યા હતા.

આ દેવિના વરદાયી કાળીદાસ પણ્ડિત ઉજ્જયિની નગરીની પાસે આવી રહેલા મધુ વનમાં એક સુંદર ઓવારાવાળું અઢાર ભારની વનસ્પતિથી છવાઇ રહેલું. મધુરા રંગ બે રંગી પંખીના મધુરા અવાજથી ગાજી રહેલું. મધુ માધવી-કેવડા-ડોલર-હજારી નિરમળી બોલશ્રી વીગેરે વીગેરે અનેક વૃક્ષના પુષ્પોથી શણગારાએલું બાવના ચંદન જેવા ચંદનના સુગંધીવાન જુંડથી ગુંથાએલું. એવું રમણીય ઉપવન જ્યાં દીપી રહ્યું હતું ત્યાં આગળ રમ્ય સરોવર આવી રહેલું હતું. તે સરોવરપર એક-બાજુએ એક મંદીર આવેલું હતું; મંદિર અસલીવારાનું હતું; લાંબી મુદત વીતી જવાને લીધે જો કે તે તૂટી ગએલું હતું છતાં પણ તેની અંદરની ખુબી તદન નવા જેવીજ લાગતી હતી. તે મંદીર પાસે પૂર્વે થઇ ગએલા મ્હાન પંણ્ડિત કાળીદાસજી ઘરથી કંટાળી આવ્યા ને મંદીર પાછળના પગથીએ ઉભા રહી. ઇશ્વર સ્તુતી

ફરી સરોવરને પોતાનો પ્રાણ સોંપવા કુદી પડ-વામાં હતા એટલામાં આકાશવાણી થઇ, કે "સ-બુર તારે હજુ આગળ ઘણાં કૃત્ય કરવાનાં છે. માટે સરોવરમાં પડીશ નહિં. આ વાણી સાંભળી આ-પણા મહાન પણ્ડિત અમચાયા ને ધારવા લાગ્યા કે આ ઉપવનમાં મારા શીવાય બીજુ કોઇ નથી છતાં આ અવાજ કયાંથી આવ્યો તે સ્મર્ણમાં હતા એટલામાં તો ફરીવારનો એવો પ્રતિ ઉત્તર મળ્યો કે આ પાસેનું દેવળ છે ત્યાં જઇ-સરસ્વ-તીની ઉપાસના કર. તેથી હું પ્રસન્ન થઇશ. આ વાણી સાંભળી કાળીદાસજી બતાવેલા દેવળ આ-ગળ આવ્યા ને અલૌકીક દેવીની મૂર્તિ જોઇ ત્યાં આગળ સંભળાયેલી આકાશવાણી પ્રમાણે સર-સ્વતી દેવીનું સ્મર્ણ કરવા લાગ્યા. ને છેવટે એટલે સુધી તેમણે એક નિષ્ઠાથી ભકિત કરી કે તેમનાં મન-વાણી અને વાકય શુધ્ધ થતાં ગયાં અને અતી હોંશથી પુજન કરવા લાગ્યા, ભકતની ભકિત જોઇ દેવી પ્રસન્ન થયાં ને શેવકને એવું અભય પદ આપ્યું કે તારી જીવ્હા એ મારો વાસ થશે. ને જગતમાં તારૂં અખંડ નામ રહેશે ને મારા પદને પ્રાપ્ત થશે. કુમારીકા સ્વરૂપ અંતર ધ્યાન થઇ ગયું. પછી દીન પ્રતિ દીન કાળીદાસજી તેમનુંજ સ્મર્ણ કરવા લાગ્યા. વળી જેમ કુમળા છોડને પાણી પાવાથી છોડ મોટી અવસ્થાને પ્રાપ્ત થાય છે, તેમજ અચળેશ્વરીના પ્રતાપે મહામાયાના આશ્ર-

યના પાણીથી મોટી પદ્દવિને પ્રાપ્ત થયા. તે એટલે સુધી કે આખી સૃષ્ટિમાં તેમનાં કથન ગવાવા લાગ્યાં ને હજુ સુધી પણ મહાન કવી કાળીદાસ પણ્ડિતના નામે સર્વ વિદ્વાન મણિઓ તેમજ અસંખ્ય સદ્‌ગૃહસ્થો પણ તેમનાં ગુણ ગાય છે. આ બધો કોનો પ્રતાપ. એક શ્રી સરસ્વતી દેવીનોજ પ્રભાવ !

ઉપર પ્રમાણે થઇ ગયેલી હકીકતથી હમેશાં મહાન કવીશ્રી ને વડે સરસ્વતીની ઉપાસના કરતા હતા. તેજ કથન ઘણુંજ મનન કરવાથી મળી આવેલું છે. તો તે હું સરસ્વતી દેવી પ્રત્યે પ્રાર્થના કરી દરેક સદ્‌ગૃહસ્થોને અર્પણ કરૂંછું તે આદર કરી સ્વિકારશો એજ.

કર્તાના પ્રણામ.



અલૌકિક પ્રસાદ.

શારદામ્બે પ્રસન્ન હો !! શારદામ્બે પ્રસન્ન હો !!

"હમેશાં એક ચિત્તે થઇ અંતરમાં સરસ્વતીનું સ્વરૂપ ધારણ કરી, પોતાનું કર્મ તેમની પાદુકામાં અર્પણ કરી, નીચેના સ્તોત્ર તથા પાઠ કરવો."

श्री गणेशाय नमः

श्री नीलग्रीवा सरस्वती स्तोत्रम्.

यथाकाले मम वाग्वादिनी प्रसन्नार्थे सकल शास्त्र कला कौशल्य प्राप्त्यर्थे सकल लिपिमयीं सरस्वतीं सांवत्सरिकपुजनार्थे भारती स्थापनं करिष्ये ॥

ॐ ऐं ऐं ऐं वाग्वादिनी एह्येही २ स्वाहा ॥

अनेन मंत्रेण ब्रह्मस्थानादावाह्य ॐ ऐं ऐं ऐं वा-

ह्लादिनी सुस्थिराभव॥अनेन मंत्रेण पाद्यं–अर्घ्यं–स्नानं–आचमनं–चंदनं–अक्षतान् –पुष्पं–धूपं––दीपं–नैवेद्यमाचमनं–नीराजनं––ताम्बुलं––फलं––दक्षिणामर्पयेत् ॥

अथपक्षान्तरे॥अस्य श्रीसरस्वती स्तोत्रमन्त्रस्य मार्कण्डेयाश्वलायन ऋषिः स्रग्धरानुष्टुब्छन्दांसि–श्री सरस्वती देवता–ऐं बीजं–वद्वदेति शक्तिः मम सर्व विद्या प्रसन्नेति कीलकं–वाक्सिद्ध्यर्थे जपे विनियोगः ॥

॥ अथ मन्त्रः ॥

ॐ आं ह्रीं ऐं श्रीं क्लीं सौं सरस्वत्यै नमः ॥

अथकरन्यासः—ॐ आं अङ्गुष्ठाभ्यांनमः । ॐ ह्रीं तर्जनीभ्यांनमः ॐ ऐं मध्यमाभ्यां नमः। ॐ श्रीं अनामिकाभ्यां नमः। ॐ क्लीं कानिष्ठिका-भ्यांनमः । ॐ सौं करतलकरपृष्ठाभ्यांनमः ॥

अथ हृदयादि—ॐ आं हृदयायनमः । ॐ ह्रीं शिरसे स्वाहा । ॐ ऐं शिखायै वषट् । ॐ श्रीं कवचायहुम् । ॐ क्लीं नेत्रत्रयायवौषट् । ॐ सौं अस्त्रायफट् ।

अथ ध्यान मंत्रः—ॐ ह्रीं श्रीं फट्। तरुण शकलमिंदोर्बिभ्रती शुभ्रकान्तीः कुचभरण मितांगी राजमाना सिताब्जे ॥ निजकरकमलोद्यल्लेखनी पुस्तक श्रीः सकल विभव सिद्ध्यै पातु वाग्देवतानः

॥ध्यानस्य श्लोकाः॥

॥ १ ॥ आरुढा श्वेतहंसे रमति च गगने दक्षिणे चाक्षसूत्रं—वामेहस्तेन दिव्यं वरकनकमयं पुस्तकं ज्ञानगम्यम् ॥ त्वां वीणां वादयन्ती शुभ-कर कमलैः शास्त्र विज्ञान शब्दैः । क्रीडान्तिदिव्य रूपा कमलवरधरा भारती सुप्रसन्ना ॥२॥ ॐ शुद्धां ब्रह्मविचारसार परमां माद्यां जगद्व्यापिनीम् । वी-णा पुस्तकधारिणी मभयदां जाड्यान्धकारापहाम् ॥ हस्ते स्फाटिक मालिकां विदधतीं पद्मासने संस्थितां॥ वन्दे त्वां परमेश्वरीं भगवतीं बुद्धिप्रदांशारदाम् ॥ ३॥ ॐ ह्रीं ह्रीं ह्रीं हृद्य बीजे शशिधरकमले कल्पवृक्षाच्छ शोभे । भव्ये भव्यानुकूले कुमति वनदहे विश्ववन्द्याङ्घ्रिपद्मे ॥ पद्म पद्मोपविष्टे प्रणत जनमनो मोद संपादयित्रि। प्रोत्फुल्ल ज्ञानकूटे हरि-

हर दयिते देवि संसार सारे ।।४।। ऐं ऐं ऐं जाप्य तुष्टे हिमरुचि मुकुटे वल्लकी व्यग्रहस्ते । मातर्मात र्नमस्ते दहदह जडतां देहि बुद्धिं प्रशस्ताम् ॥ विद्ये वेदान्त गीते श्रुतिपरिपठिते मुक्तिदे मुक्तिमार्गे मार्गातीते स्वरूपे भव मम वरदे शारदे शुभ्रवर्णे ॥ ३ ॥ धीं धीं धीं धारणाख्ये धृति मति नति भिर्नामभिः कीर्तनीये । नित्ये नित्ये नवीने मुनिगण नमिते नूतने वै पुराणे ॥ पुण्ये पुण्यप्रवाहे हरिहर नमिते वर्ण तत्वे सुवर्णे । मातर्मात्रार्द्ध तत्वे मति मम वरदे माधवि प्रीतिनादे ॥४॥ ह्रीं श्रीं क्लीं ह्रीं स्वरूपे दहदह दुरितं पुस्तकं व्यग्रहस्ते । संतुष्टाकार चित्ते स्मितमुखि सुभगे जृंभणी स्तंभविद्ये ॥ मोहे मुग्ध प्रबोधे मम कुरु कुमति ध्वान्त विध्वंस मीड्ये गीर्गीर्गौं भारती त्वं कविवृतरसने सिद्धि दे सिद्धि साध्ये ॥५॥ सौं सौं सौं शक्ति बीजे कमल भवमुखाम्भोज भूति स्वरूपे । रूपारूपप्रकाशे सकल गुणमये निर्गुणे निर्विकारे ॥ न स्थूले नैवसूक्ष्मे प्य-विदितविभवे जाप्यविज्ञानतत्वे । विश्वे विश्वा-

तरालेन् सुरगण नमिते निष्कले नित्य शुद्धे ॥६॥
स्तौमि त्वां त्विश्ववन्द्ये ममखलु रसनामा कदाचि-
त्त्यजेथाः मामेबुद्धिर्विरुद्धा भवतु न च मनो यातु मे
देवि पापम् ॥ मा मेदुःखं कदाचित्क्वचिदपि विषये
पुस्तके नाकुलत्वं । शास्त्रे वादे कवित्वे प्रसरतु मम
धीर्मास्तु कुण्ठाकदाचित् ॥७॥ इत्येतैः श्लोक मु-
ख्यैः प्रतिदिन मुषसि स्तौति यो भक्ति नम्रो वा-
ण्या वाचस्पते स्त्य विदित विभवो वाक्य तत्त्वार्थ
वेत्ता ॥ तस्यस्यादिष्टलाभः सुतमिव सततं पातुतं
सा च देवी सौभाग्यं तस्य लोके प्रसरति कविता वि-
घ्नमस्तं प्रयाति ॥८॥ निर्विघ्नं तस्य विद्या प्रसरति
कविता चाश्रुतो ग्रंथबोधः । कीर्तिस्त्रैलोक्य मध्ये
निवसतु वदने शारदा तस्य साक्षात् ॥ दीर्घायु-
र्लोकपूज्यः सकलगुणनिधिः सागरः सर्व वेद्ये
वाग्देव्या सुप्रसादा त्रिजगति विजयी जायते पाठ
कर्त्ता ॥ ९ ॥ ब्रह्मचारी व्रती मौनी त्रयोदश्यां
जितेन्द्रियःसारस्वत जपात्पाठात् स स्स्यादिष्टार्थ
लाभवान् ॥१०॥ पक्षद्वये त्रयोदश्यां एकविंशति

संख्यया॥ अविच्छेदं पठेद्यस्तु स कवित्वं लभेध्धुवम् ॥ ११ ॥ इति नीलग्रीवा सरस्वती स्तोत्रम् ॐ ऐं वद वद क्लींवाग्वादिनी सौं स्वाहा ॥ एवं फल श्रुतिः

नारायणीं स्तुत्वा १०८ मूल मंत्र जपेत् ॥ अस्य श्री सरस्वती माला मंत्रस्य ब्रह्माऋषिः गायत्रीछन्दः श्री महासरस्वती देवता ऐं बीजं -ह्रीं शक्तिः त्सौं वा स्हौं कीलकं ममवाक् सिद्ध्यर्थे जपेविनियोगः ॐ शान्तिः शान्तिः शान्तिः ॥



—પાઠ—

(૧)

હે દેવી ચતુર્ભુજી ! વિણા ધારીણી ! મયુર વાહીનિ ! નારાયણી બ્રહ્મપુત્રી ! શ્વેતાંબર ધારણ કરનારી ! કમળસરખાં નેત્રવાળી ! મણિ મુગુટ ધારણ કરનારી ! હસતા મુખવાળી કંઠે મોતીની માળા પ્હેરનારી ! હે દેવી હું આપને વારેવારે નમસ્કાર કરૂંછું !

(૨)

જેના મસ્તકના કેશો મોતીથી ભરેલા છે ! જેની કાંન્તિ ભવ્યવાંન છે ! ચંદ્રમાથી પણ અધીક જેનું મુખ દેદીપ્યમાન છે ! વિવીધ પ્રકારના ઘરેણાથી જેનું અંગ સુંદર શોભી રહ્યું છે ! પારસમણિ જેવાં કંકણો જેના કોમળ હસ્તે દીપી રહ્યાં છે ! સોનાનાં ઝાંઝર જેના પગે ઝળકી રહ્યાં છે, વળી મયુરપર સ્વારી કરી મધુ વનમાં મધુર વાંણીથી ભીન્નભીન્ન રાગનાં આંનમાં મગ્ન થએલાં છે એવાં હે સુંદર કુમારીકા–હું વારે વારે આપને નમસ્કાર કરૂંછું ને તમારાજ ગુણ વિવીધ પ્રકારે ગાઇ રહ્યોછું.

(૩)

હે માહાલક્ષ્મી ! માહા સરસ્વતી ! વિણામાંને કીરતાળમાં નિત્યે મસ્ત રહેનારાં ! માનસરોવર જેવા સરોવરપર સ્ફટીકમણિ જેવા આસનપર પદ્માસનવાળી બેસનારાં–હે–સરસ્વતી દેવી આપજ સકલ દુનિયામાં વ્યાપકછો. દયાવાનછો. વિદ્યાના ભંડારછો. આંધળાને આંખ્યરૂપછો, તરશ્યાને જળ

રૂપછો. મુગાને વાંણીરૂપછો, બોબડાને જીભરૂપછો. ને મૂઢને જ્ઞાનરૂપછો. આપ વિના સઘળા સંસારીયો મૂઢ છે. તેવો હું પણ એક મૂઢછું. બુદ્ધિ વિનાનોછું મને બુદ્ધિ આપો બુદ્ધિ આપો.

(૪)

પવિત્ર વેદ ને પુરાણોને જાણનારી બ્રહ્મ વિદ્યાના ગીતને ગાનારી ! હે દયાળુ દેવી ! આદિ વ્યાદ્ધિને ઉપાધ્ધિ એ ત્રણે તાપને દહન કરનારી ! દાનદેવામાં શંકર જેવી ! કૃપાની ભરેલી ! લક્ષ્મીથી ભરપૂર છવાયેલી ! જીવ્હામાં વાસ કરનારી ! ૐકાર રૂપ ! નાદરૂપ ! વેદરૂપ ! જ્ઞાનરૂપ ! પ્રેમરૂપ ! વળી જંત્ર મંત્રને તંત્રને ઉત્તપન્ન કરનારી ! રમ્ય પ્રદેશમાં વસનારી ! માહાદેવી, આપજ મારા દેદારનું ભૂષણછો ! આપજ મારા નયનછો ! આપજ મારૂં હૃદયછો. ને આપજ મારૂં સર્વસ્વછો. મને વિદ્યા આપો વિદ્યા આપો.

(૫)

હે દેવી ! વાણીને અક્ષરોનાં વિસ્તાર કરનારાં, ! મૂર્ખ પ્રાણીઓના માનને વધારનારાં, ! શરણે આવેલાને ભવસમુદ્રથી પાર ઉતારનારાં ! હે સરસ્વતી ! જ્યાં ત્યાં આપનીજ મૂર્તિ બીરાજમાન થએલી છે, હે યથામંત્રનીમાળારૂપ- મહેશ્વરીમહામંગળા; અષ્ટસિધ્ધિ ને નવનિધ્ધિવાળાં દાનેશ્વરી બ્રહ્માને સાવિત્રિના તેજને ધારણ કરવાવાળી હે સરસ્વતી દેવી હું એકજ ધ્યાને તમારા સ્વરૂપમાં તદરૂપ થઇ અહો નિશ આપનું ધ્યાન ધરૂંછું મને સહાય થાઓ સહાય થાઓ સહાય થાઓ.

(૬)

હે ભગવતી ! વાણી પંચામૃતથી પૂજ્યમાન પૂજ્ય પવીત્ર દેવી ! આપના અખૂટ પ્રસાદનું કૃપા-દાન આપો ! વિદ્યારૂપી જળ અર્પણ કરી પાવન કરો ! રદય મંદિરમાં અખંડ બીરાજો ! ધ્યાનમાં નિરંતર ધ્યાનસ્થ કરો ! જીવ્હામાં સદાયે વાસ કરો ! દુષ્ટ બુધ્ધિનો નાશ કરો ને વિદ્યા દાન દઇ જ્ઞાની કરો ! એજ માગું છું વારે વારે એજ ઇચ્છા રાખું છું. ને તમારાજ ચરણ કમળનું શેવન કરવા પ્રાર્થના કરૂં છું.

(૭)

હે નારાયણી બ્રહ્મપુત્રી ! આપનું નામ દેતાંજ જેના ત્રિવિધિ તાપનો લય થઇ જાય છે. કથન કરતાંજ જેનાં સઘળાં પાપ ધોવાઇ જાયછે. (બ-ળી ભસ્મી ભૂત થઇ જાય છે) સ્મર્ણ કરતાંજ જેનાં મન, વાકય, ને કર્મ શુધ્ધ થઇ જાય છે. વળી ભકિત કરતાંજ જેના પદને પમાય છે; એવી હે માતૃ જગદંબે, હું આપની ભકિત મેળવી પાવન થવા ઇચ્છું છું; કેમકે મારો આખો દેહ અસંખ્ય પાપથી ભરેલો છે તેનો નાશ કરી. હે વિદ્યા દેવી મારા સત્યદેહમાં ભકિત રસની મૂલ્યવાન મુડી મુકો; ને મને ભકતની પદવી આપો તમેજ આ શરણે આવેલા અનાથના નાથ છો, મને શરણ આપો શરણ આપો શરણ આપો.

(૮)

હે વિદ્યાદેવી ! આપને ત્રિગુણેશ્વરી, ત્રિભુવનપતી, ત્રિપુરારી, ત્રૈલોકી, ત્રિગુણાત્મી, નારદજી, બ્રહ્માજી, વિશ્વપતી, લક્ષ્મીજી, પાર્વતીજી, મહારૂદ્રજી-વીગેરે વીગેરે અનેક દેવલોકો આપનું ષોડષો પચારે પુજન કરે છે, ગુણ ગાય છે, ને કથન કરે છે, હે ગોવિંદના ગુણ ગાનારી, માહા સરસ્વતી. હું આપને વારે વારે નમન કરૂંછું, સંસારનાં તારણ હે અજ્ઞાનીને જ્ઞાન દેવાવાળાં ! અનેક મૂઢો આપની ભકિતથી કરોડો સુખો ભોગવેછે. ને અલૌકીક આપના અવિચળપદને પ્રાપ્ત થાય છે ! હે દેવાંગના દેવીકા મને અજ્ઞાનીને-તમારી પ્રેમ ભકિત આપો, ઉધ્ધારાર્થે સદાયે તમારૂંજ ધ્યાંન આપો, એજ વારે વારે સાષ્ટાંગ-દંડવત પ્રણામ કરી હું માગુંછું.

(૯)

હે કલ્પલતા રૂપ શારદા દેવી. હું સદા તમારૂંજ ધ્યાંન ધરી એટલુંજ માગુંછું કે મને સદ્ બુધ્ધિ આપો, હું આપનો યાચક તમારૂં શું વર્ણન કરૂં-હે મયુરવાહિની મોટા મુનીયો પણ તમારો પાર પામી શકયા નથી તો પછી હું એક અજ્ઞાન-પામરપ્રાણી અલ્પ બુધ્ધિથી તમારૂં શું કથન કરૂં; પણ જે હું અલ્પ બુધ્ધિથી આપનું કથન કરૂંછું. તે હે વિદ્યાદેવી, આપના દયાળુ અંતઃક-

રણુમાં લઇ મને આપની પ્રેમ ભકિત અર્પણ કરો ને સદાયે તમારી છાયામાં રાખો, વળી ચર્ણારવિંદનું પવિત્ર પંચામૃત આપી મને પતીતને પાવન કરો પાવન કરો પાવન કરો.

(૧૦)

હે દેવી જે સદાયે પોતાના જીવાત્માને તમારામાંજ અર્પણ કરે છે, તે સદાયે તમારા પદને પાપ્ત થાય છે. વળી જ્યાં તમારૂં અખંડ ચિત્તવન થયા કરે છે, ત્યાં સદાયે કલ્યાણકારી કલ્યાણી નગરીનો વાસ થાય છે, વળી જ્યાં અખંડ વિદ્યારૂપી જ્યોતી પ્રગટી રહે છે, ત્યાંજ અન્ધ માયાવાળી સૃષ્ટિ તેજંબર પ્રકાશથી પ્રકાશી પ્રકાશવાન થઇ રહે છે, વળી જ્યાં જ્યાં તમારો વાસ છે ત્યાં ત્યાં મહોત્સવ થયાજ કરે છે, પામરો માયાના ખડગને સ્હેલાઇથી ઓળંગી સુખી થાય છે. મૂર્ખ મૂર્ખપણુ તજી દઇ સંસારમાં પૂજાય છે. જગતમાં નામાંકિત થઇ દુનિયામાં નાના પ્રકારનાં સુખો ભોગવી, અંતે આપની સત્યપૂરીમાં તમારા ભકત્તોનો વાસ થાય છે, ભકત્તની ભડ ભાગનારી હે મમમાયા આપતો ચિંન્તામણી જેવાંછો; હું આપનું શું કથન કરૂં. પણ જે અલ્પ બુધ્ધિથી મેં આપનું કથન કર્યું છે તે સઘળું આપના ચરણુમાં અર્પણ કરૂંછું તે સ્વીકારી હે નારાયણી મારો ઉધ્ધાર કરો !

(૧૧)

! ! પાઠનું મહાત્મ ! !

વિદ્યાના તેજને દેવાવાળી સરસ્વતી દેવીનો આ પાઠ જે કોઇ શુદ્ધ પ્રેમથી કરે છે. અથવા એક ચિત્તથી સાંભળે છે, તે ભવ સિંધુ તરી જાય છે. એટલું જ નહિં પણ, કીર્તિવાન થઇ દેવલોકને પામે છે. આ લોકમાં નાના પ્રકારનાં સુખો ભોગવી અંતે મહામાયાના પદને પ્રાપ્ત થાય છે, કર્મ બંધનથી છૂટે છે, સારા ભાગ્યવાળો થાય છે, લક્ષ્મીવાન થાય છે, પાપથી છૂટે છે, પુન્યશાળી ગણાય છે, ને સદાયે સુખી સુખીને સુખીજ થાય છે. એ સત્ય છે. શારદા દેવીનું વચન છે.

ૐ શાંન્તિ. ૐ શાંન્તિ. ૐ શાંન્તિ.

સમાપ્ત.

સ્તુતી.

ભુજંગી

મહા મંગળા રૂપ હે બ્રહ્મ કન્યા.
વળી તેજવંતી સતી સુપ્રગંન્થા;
સદા વદ રૂપે દીસો ચત્રુભૂજા
બધા દેવલોકો કરે નિત્ય પૂજા.
કળામાં પરિપૂર્ણ છો કામધેનું
દયા સિંધુ જેવાં દીસો શું વખાણું.
હસંતાં લસંતાં ગળે હાર ધરતાં
ધર્યા-ભૂષણો પાર આવે ન ગણતાં
વિણામાં રહોછો સદા મગ્ન બાળા
મધુ વજ્રમાં રાગ ગાઓ રૂપાળા.
લિલાથી ભરેલી અમિથી દિપેલી
બધે પ્રસરેલી દયાની ભરેલી.
અહો બ્રહ્મપુત્રી માહા સત્ય દેવી.
સદા ભક્તિ અર્પો મને નિત્ય દેવી

હરીગીત છંદ.

સત્યવંતી ગુણવંતી દયાસિંધું બાલિકા
મહાદેવી માહાલક્ષ્મી સરસ્વતિ વેદિકા.

જ્ઞાનમાં સમુદ્ર જેવી સત્ય વચની શારદા
ભકત કેરી સાહ્યતામાં આપછો નીપુણ સદા.
જગત્ત વ્યાપિનિ બ્રહ્મપુત્રિ મહામંત્રી મંત્રિકા
કલ્યાંણીઓ સિધ્ધિવાળી કૌએરી કુમારિકા
નિરાકારે છો વળી સાકારમાં દિસો સદા.
જ્ઞાનવંતાં રૂપવંતાં શારદાજી છો સદા.
ભક્તિ આપો બુધ્ધિ આપો ભ્રાંન્તિ ટાળો બાલિકા
કાંન્તિ આપો વિદ્યા અર્પો બહુ નામી નામીકા.

આરતી.

જય વિદ્યા દેવી જય વિદ્યા દેવી
સૃષ્ટિમાં પંકાતાં (૨) જય જય જય દેવી
મયુરની સ્વારીએ વિણામાં રાજી
કિરતાળે ગુણગાતાં (૨) ગોવિંદના માજી—
આભૂષણમાં દિપતાં મુગટ મણિ ધરતાં
પદ્માસનવાળી મા (૨) ત્રિલોકી ગાતાં—
દુઃખ ભંજન છો બાળા વિદ્યાનાં વાશાં
ત્રિભૂવનમાંછો વ્યાપક (૨) જય જય કલ્યાંણી—
મણિમાળ ધરનારાં ભકિતનાં પ્યારાં
વિદ્યા નામજ ભજતાં (૨) સુખ શાંન્તિ દેતાં
દાન વિદ્યાનું દઇ મૂઢાને પાળો
તમ શરણે જે આવે (૨) તેને સંભાળો જય જય—